| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.નો રામજી કા ગોલા નગરમાં ભવ્ય પ્રવેશ





અચલગચ્છાધિપતિ શ્રી ગણોદયસાગર સૂરિશ્વરજી મ.સા.નો રામજીકા ગોલા નગરમાં ભવ્યાતિભવ્ય પ્રવેશ થયો. પ્રથમવાર આગમન પ્રવેશને વધાવવા ભવ્ય શોભાયાત્રા અને અભિનંદન સમારોહનું આયોજન કરાયું હતું. પ.પૂ.ભગવંતોના આશિષ વર્ષાથી સકળ સંઘ ધન્ય ધન્ય થયું હતું. સંઘના શ્રાવક શ્રાવિકાઓના સહભાગથી પ્રસંગ અદ્‌ભૂત રીતે ઓપી ઉઠયો હતો.











# સોનગઢથી પાલીતાણા છરીપાલિત સંઘનો વાજતે ગાજતે પ્રસ્થાન





આધ્યાત્મયોગી ગુરૂદેવ ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવા મુનિ ગુણવલ્લભસાગરજી મ.સા. આદિઠાણાની નિશ્રામાં સોનગઢથી તા. ૯ એપ્રિલ ૨૦૧૯ મંગળવારના રોજ પાલીતાણા છરીપાલિત સંઘ વાજતે ગાજતે નીકળી તા.૧૨ એપ્રિલ ૨૦૧૯ શુક્રવારે તળેટી થઈ ગુણાદેવપુરમમાં પ્રવેશ કરેલ. સંઘના બહોળી સંખ્યામાં શ્રાવકો ઉત્સાહભેર જોડાયા હતા.

# સોનગઢથી પાલીતાણા છરીપાલિત સંઘનો અઢીદ્રીપમાં પધરામણી





આધ્યાત્મયોગી પૂ.ગુરૂદેવ ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવામુનિ ગુણવલ્લભસાગરજી મ.સા. આદિઠાણાની નિશ્રામાં સોનગઢથી પાલીતાણા છરીપાલિત સંઘથી નીકળી તા. ૧૧ એપ્રિલ ૨૦૧૯ ગુરૂવારે રાજેન્દ્ર ધામથી વિહાર કરી અઢીદ્રિપ મુકામે ઉત્સાહ અને આનંદભાવથી વાજતે ગાજતે પધારેલ સકલ સંઘના શ્રાવક-શ્રાવિકાઓ ઉમળકાથી સંઘનું ભાવભેર સ્વાગત કર્યું. હરખથી રાસ ગરબાના તાલે આનંદ ઉમળકો વ્યક્ત કર્યો હતો.





# શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘ દ્વારા છ એવોર્ડ માટેની જાહેરાત

શ્રી મુંબઈ જૈન પ્રત્રકાર સંઘ તરફથી જૈન પત્રકારોને દર વર્ષે એવોર્ડ આપવામાં આવે છે.

પત્રકારોને પ્રોત્સાહન મળે તેના માટે સંસ્થાએ અલગ અલગ કેટેગરીના પાંચ વધુને વધુ પ્રમાણમાં ભાગ લે તેવી પત્રકાર સંઘની અપેક્ષા છે.

૧) રૂક્ષ્મણીબેન દીપચંદભાઈ ગાડી 'વિદ્યાવારિધિ' ચૌદમા એવોર્ડ હરિફાઈ માટે સન ૨૦૧૭ના એપ્રિલથી ૨૦૧૮ના માર્ચમાં કોઈપણ અખબાર, મેગેઝિનમાં પ્રસિદ્ધ થયેલ લેખ (સંપૂટ) સંસ્થાના સરનામે મોકલી આપવો.

૨) શ્રેષ્ઠીશ્રી નવીનચંદ્ર ડી. મહેતા તરફથી 'નવીન કોકિલ' સાતમા એવોર્ડ માટેની હરિફાઈ માટે ટૂંકી વાર્તાઓ સન ૨૦૧૭ એપ્રિલથી ૨૦૧૮ માર્ચમાં પ્રસિદ્ધ થયેલ ટૂંકી વાર્તાની એક ઓરીજનલ કોપી તથા એક ઝેરોક્ષ કોપી મોકલી આપવી.

૩) શ્રેષ્ઠીશ્રી પુરખરાજજી બાફના તરફથી શેઠ ચુનીલાલ બાફના ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આઠમો એવોર્ડ 'બાફના એવોર્ડ' મેગઝિન તથા પત્રિકાના તંત્રીલેખ માટે એક જ એવોર્ડ આપવામાં આવશે.

૪) જૈન શ્રેષ્ઠી શ્રી મંગલ પ્રભાત લોઢા તરફથી લોઢા ફાઉન્ડેશન પાંચમા એવોર્ડ ઊભરતા લેખકને આપવામાં આવશે.

૫) જૈન શ્રેષ્ઠી જેઠીબેન ચીમનલાલ મૂલચંદભાઈ શેઠ થરાદનિવાસી તરફથી પ્રથમ એવોર્ડની વિષય છે કવિતાની કૃતિને આપવામાં આવેશે.

૬) જૈન શ્રેષ્ઠી રેવાબેન તારાચંદ દાલચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી પ્રથમ એવોર્ડનો વિષય છે. દસ વર્ષ જૂની પત્રિકા અથવા મેગેઝિન નિયમિત પ્રસિદ્ધ કરતાં હોય તેમને અરજી કરવી.

આ છ એવોર્ડની કૃતિઓ છેલ્લામાં છેલ્લી ૧૫ એપ્રિલ ૨૦૧૯ સુધી સ્વાકારવામાં આવશે.

૭) સતિષભાઈ સુરાણા તરફથી દૈનિક અખબારના જૈન પત્રકારને એવોર્ડથી બહુમાન કરવામાં આવશે તેની જાહેરાત એવોર્ડ સમારંભમાં કરવામાં આવશે.

૧) દરેક લેખ માટે એપ્રિલ ૨૦૧૭થી માર્ચ ૨૦૧૮ સુધીમાં પ્રગટ થયેલા લેખો હોવા જોઈએ. ૨) આ સાથે તેમના લેખની એક ઓરીજનલ કોપી તથા એક ઝેરોક્ષ કોપી મોકલી આપવી, એકથી વધારે નકલ મોકલવી નહીં. ૩) તમારા લેખ વાર્તા તથા તંત્રીલેખ સંસ્થાએ નક્કી કરેલ જજને સોપવામાં આવશે અને તેનો નિર્ણય આખરી રહેશે. લેખ મોકલવાની છેલ્લી તા. ૩૦-૪-૨૦૧૯. ૪) આ સાથે કયા એવોર્ડ માટે ભાગ લેવા કૃતિ મોકલો છો. તે કેટેગરીના એવોર્ડનું નામ લખવું જરૂરી છે. તમારા લેખો સંસ્થાની ઓફિસના સરનામે મોકલી આપવા વિનંતી.

સરનામું : ૩/૧૩/૨૬ આર. નવજીવન સોસાયટી, લેમિંગ્ટન રોડ, મુંબઈ-૮.

– ભૂપેન્દ્ર એન. મહેતા (પ્રમુખ)

# શિવમસ્તુ તીર્થમાં યોજાયો સામયિક જાપ, ગુરૂભક્તિ અને ક્ષેત્ર પાળદેવની ભક્તિનો કાર્યક્રમ

માંડવી, મુદ્રા અને અબડાસાની જૈન તીર્થોની ત્રણ પંચતીર્થનું સુવિખ્યાત તીર્થધામ શિવમસ્તુ સમવરણ જૈન તીર્થ જયાં હવે દર માસ દશમે પાર્શ્વનાથ પ્રભુના જન્મ કલ્યાણને ઉદ્દેશીને વિવિધ પ્રભુ ભક્તિ સાથે તીર્થ સ્થાપક ગુરૂદેવ પૂ.મહાભદ્ર સાગરજી મ.સા.ની પણ સ્વર્ગવાસ તેમજ સમાધિ મંદિર સ્થાપના દિન નિમિત્તે તેમજ ભૂમિ રક્ષક દેવ ક્ષેત્રપાલ દેવનો ભક્તિ કાર્યક્રમ યોજાયો.

સાધર્મિક ભક્તિના સંપૂર્ણ લાભ શ્રીમતી રંજનાબેન તારાચંદ મોરારજી ગાલા (રાયધણજર) મુંબઈ અગર બજાર વાળાએ લીધો હતો. ગાંધીધામથી વિશાળ પરિવાર સાથે પધારેલ સ્વ. સદ્‌ગતશ્રી મનસુખલાલ ખુશાલચંદ વસ્તાભાઈ મહેતા પરિવારે કાર્યક્રમમાં જોડાઈ આરતી વગેરે ચડાવવાનો લાભ લીધો હતો. સદ્‌ગત એમ.કે. મહેતાને ભાવાંજલિ આપવા સાથે એમની સેવાઓને બિરદાવાઈ હતી. શિવમસ્તુ તીર્થમાં દર દશમે આ કાર્યક્રમ ચાલુ રહેશે અને રાત્રિ ભાવના પણ દરરોજ સંગીત ભક્તિ સાથે થઈ રહી છે.

# શ્રી કચ્છી ઓસવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ દ્વારા પર્યુષણ પર્વની તડામારી તૈયારીઓ શરૂ

અબડાસાની ધીંગીધરાનું ગોકળિયુ ગામ સાંયરા તીર્થનું શ્રી કચ્છી દશા ઓસવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ તા. ૨૭ ઓગષ્ટ મંગળવાર શ્રાવણ વદ ૧૩ થી શુભારંભ થશે અને ભાદરવા સુદ ૬ બુધવાર તા. ૪ સપ્ટેંબર ૨૦૧૯ના પૂર્ણ થશે. પર્યુષણ પર્વની પૂર્ણાહુતિ બાદ ૨ દિવસીય ચૈત્ય પરિપાટીનું આયોજન શુક્રવાર તા. ૬ સપ્ટે. ના વિવિધ તીર્થની સ્પર્શના વંદના કરવા સાંયરાથી સુથરી, કોઠારા, જખૌ, નલિયા, તેરા જગવલ્લભ પાર્શ્વનાથ સાંયરા (નખત્રાણા) રાત્રિ રોકાણ. નરેડી, કોટડી, ડુમરા, નાના રતડીયા, તેરે જીનાલય અને ભુજ રેલ્વે સ્ટેશન.

મુંબઈથી પ્રસ્થાન શનિવાર તા. ૨૪ ઓગષ્ટ શનિવાર સયાજીનગરી/કચ્છ એક્સપ્રેસ અને વળતા ભુજથી મુંબઈ સ્થાન શનિવાર તા. ૭ સપ્ટે.કચ્છ એક્સપ્રેસ/સયાજી નગરી દ્વારા પધારનાર વેળાસર ૪ મહિના આગોતર પોતાની ટિકીટ કઢાવી લેવી.

પર્યુષણ પર્વ ૧૦ દિવસના સાધર્મિક ભક્તિના દાતાશ્રી રૂા. ૧૬૧૦૦૦/-, ડાયમંડ દાતાશ્રી રૂા. ૧૧૦૦૦/-, ગોલ્ડન દાતાશ્રી રૂા. ૭૫૦૦, સ્લિવર દાતાશ્રી રૂા. ૫૦૦૦/-, સાંયરામાં ભોજનાલય કાયમી નિભાવ ફંડમાં રૂા. ૧૧૦૦૦/- દેરાસર સર્વ સાધારણ નિભાવ ફંડ રૂા. ૧૧૦૦૦/- યોજનામાં સહભાગ થઈ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાનો સુર્વણ અવસર મળેલ છે. જેનો લાભ લેવા સંપર્ક સૂત્ર રતિલાલ ધ્રોળ ૯૮૨૦૮૬૫૮૦૫, ૯૭૨૪૩૮૨૨૩૨, દિનેશ પટેલ ૯૮૨૦૬૭૦૫૧, હીરાચંદ શાહ ૯૮૧૯૧૭૦૪૭૦.




# ભર ઉનાળામાં ૯૯ યાત્રા ક્ષેમકુશળ પણે આગળ વધી રહી છે





ધોમ ધખતા તાપ હોવા છતા પાલીતાણા તીર્થ ૯૯ યાત્રા ભાવપૂર્વક આગળ વધી રહી છે. બાળકો યુવકો ભર ઉનાળા છતાં રોજની ૨,૩ યાત્રાઓ કરી રહેલ છે. સૌ ક્ષેત્રકુશળથી ધર્મભાવના સાથે યાત્રા આગળ વધારી રહ્યાં છે. જે નાના મોટા નડતર વિઘ્નો હતા. તેનું પ્રાયઃનિરાકરણ થઈ ગયેલ છે. મુંબઈમાંથી વડીલો માતા-પિતા પોતાના સંતાનોને પૂછીને રિપોર્ટ લઈ રહ્યાં છે. આપણે સૌ તેમની યાત્રાના સુખાકારી માટે શુભેચ્છા આપીએ.




**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

**અથવા વોટ્સએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**





# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.

**Family Background**



**Name :** Alpesh Hareshbhai Khona

**Father :** Hareshbhai Babulal Khona

**Mother :** Rekha HareshBhai Khona

**Native Place :** Gorakhdi

**Address :** 11, Patel Colony Parth, C Apartment, Flat No. 102, Jamnagar, Gujrat- 361008.

**Contact :** Hareshbhai-9426736491/Alpesh-9408964649

**Personal Details :**

**Date of Birth :** 10th Feb, 1992

**Place of Birth :** Bhilwara- Rajeshthan

**Height :** 5.4 inches

**Education :** Diploma (Computer), B.E (Computer)

**Hobbies :** Movies, Travelling, Indoor Sports likes Chess, Badminton and Outdoor Sport like Cricket, Football

**Job :** Elluminati Mobile app development Rajkot

**Post :** Jr. Android Developer

**Address :** 2nd Floor Aditya Complex, Jalaram - 2, Above SBI, University Road, Rajkot, Gujarat 360001

Gyatimaiya KDO Mahajan Code No. B-25



**NAME :** JINAL RAJENDRA MEISHERI

**DATE OF BIRTH :** 14/02/1991

**BIRTH TIME :** 09:36:00 AM

**NATIVE PLACE :** SANDHAN

**BIRTHPLACE :** MUMBAI

**HEIGHT :** 5.3

**WEIGHT :** 56 Kg

**MARITAL STATUS :** SINGLE

**EDUCATION :** M.COM

**HOBBIES :** ADVENTURE SPORTS, MUSIC& DANCE, SOCIALLY ACTIVE.

**PROFESSIONALLY WORK EXPERIENCE :** TEACHING.

**FAMILY DETAILS :**

**FATHER :** RAJENDRA SOMCHAND MEISHERI – CATERING BUSINESS (MADHUSHREE CATERES)

**MOTHER :** JAYSHREE RAJENDRA MEISHERI – HOUSEWIFE & MEHENDI ARTIST

**BROTHER :** JINEN RAJENDRA MEISHERI – WORKING IN BNY MELLON PUNE

**SISTER IN LAW :** JINAL JINEN MEISHERI – D/O ARVINDKUMAR LALJI MUNVAR, JAKHAU

**MATERNAL FAMILY DETAILS :**

**MATERNAL GRANDFATHER :** LATE KUNVARJI HANSRAJI KURUWA, GODHRA, MASJID BUNDER

**MATERNAL GRANDMOTHER :** LATE LAXMIBAI KUNVARJI KURUWA

**ADDRESS :** A-802, GANGA SAMPATTI BUILDING, NEAR SRPF COLONY, NEXT TO DAYANAND GARDENS, WANWADI, PUNE 411040.

**CONTACT DETAILS :** +91-9022517023 / +91- 7738646424

Gyatimaiya KDO Mahajan Code No. G-25

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# ભાંડુપ સંઘમાં શાશ્વત આયંબિલ ઓળીની આરાધના

તા.૧૧ એપ્રિલ ૨૦૧૯ ગુરૂવારથી શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ભાંડુપમાં શાશ્વત આયંબિલની ઓળીની શુભ શરૂઆત થઈ. મહેતા શ્રીપાલનો રસ સવારના ૯.૩૦ કલાકથી ૧૦.૩૦ સુધી પ.પૂ. તારકગુણાશ્રીજી મ.સા.ના મુખેથી ત્યારબાદ ૧૨ કલાકે આયંબિલ ઓળીની તપ આરાધના થઈ.

કાંતાબેન મૂળજી લોડાયા સાંધવવાળાએ લાભ લીધેલ હતો. લાભાર્થી દાતાની સંઘ દ્વારા અનુમોદના કરાઈ.














● લખપત તાલુકાના ખટિયા ગ્રામ પંચાયત દ્વારા વર્ષ ૨૦૧૧ થી વર્ષ ૨૦૧૭ સુધી જળ સંચયની વિવિધ કામગીરીને ધ્યાનમાં લઈ શ્રેષ્ઠ પંચાયત તરીકે ત્રીજુ સ્થાન પ્રાપ્ત કરતાં દિલ્હીમાં કેન્દ્રીયમંત્રી નીતિન ગડકરીને હાથે જિલ્લા વિકાસ અધિકારી પ્રભવ જોશી, ખટિયા ગામ જળસ્રાવ વિકાસ સમિતિના અધ્યક્ષ જેઠુભા જાડેજા અને ટીમે પુરસ્કાર રૂા. ૧ લાખની રાશિ અને એવોર્ડ સ્વીકાર્યો હતો.

● જૈનોના પવિત્રતીર્થધામ પાલીતાણા ગિરિવિહાર ટ્રસ્ટ સંચાલિત આર.એમ.ડી.હૉસ્પિટલ ખાતે કચ્છી બિદડા સર્વોદય ટ્રસ્ટના ચેરમેન વિજય છેડા તથા મધુબેન વિજય છેડા દ્વારા અનશન વ્રતધારી માતા પાનબાઈ ધારશી હધુ છેડા કુંદરોડીની સ્મૃતિમાં ઈનોવા કાર ટ્રસ્ટ સંચાલિત હૉસ્પિટલને અર્પણ કરવામાં આવી હતી.

● મસ્કત ગુજરાતી સમાજ ઓમાન દ્વારા હોટલ અલફલાજના લી ગ્રાન્ડ હોટલમાં જાણીતા કલાકાર મેરાણ ગઢવી, માયાબેન દૂધરેજિયા અને ભદ્રેશ દવે એ ઝવેરચંદ મેઘાણી અને કવિ દુલા ભાયા કાગના ઈતિહાસ, ભજનો તથા લોકગીતોનો ડાયરો હાલાણી ગ્રુપ ઓફ કંપની તરફથી યોજાયો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથિ ગુજરાતના જંગલ અને આદિવાસી વિકાસ મંત્રી રમણભાઈ પાટકર હતા.

● અજરામર સંપ્રદાયના કચ્છી આચાર્ય ડૉ.પ્રકાશ ચંદ્રજી સ્વામીની આદિઠાણા ૧૦ની હાજરીમાં નવ દીક્ષિત પ્રસન્ન ચંદ્રની વડી દીક્ષા વલસાડ વર્ધમાન જૈન સ્થાનકમાં યોજાઈ હતી. આચાર્યને મુખેથી પ્રસન્ન ચંદ્રજી સ્વામીને આજીવન પચખાણ અપાયા હતા. સ્વામી સકલ સંઘની ઉપસ્થિતિમાં આચાર્યની ભાવ વંદના થઈ હતી.

● અબડાસા તાલુકાના ડુમરા ગામે રાજ્ય સરકારની આર્થિક સહાયથી ભાવેશ લક્કી સેવા સ્મૃતિ ટ્રસ્ટના નેજા હેઠળ સ્વ. મોંઘીબેન ખીમજી (ગાભુ શેઠ) શાહની સ્મૃતિમાં વીર મહાવીર સિંહ જીવદયા કેન્દ્રનું ઉદ્‌ઘાટન મામલતદારે પૂજારા, બીજલ ખીમજી શાહ અને ઈલાબેન શાહના હસ્તે ગૌમાતાનું પૂજન કરી કરવામાં આવ્યું. વરસાદ પડે ત્યાં સુધી ૧૦૦૦ અબોલજીવ બચાવવાનું લક્ષ છે. એક ઢોર માટે પ્રતિદિન રૂા. ૫૦ ખર્ચ થશે જેમાં રૂા. ૨૫ રાજ્ય સરકાર ભોગવશે ને રૂા. ૨૫ સંસ્થા ભોગવશે.

● કચ્છ જિલ્લા ગ્રામ વિકાસ સમિતિ ગોધરા દ્વારા જિલ્લા પંચાયત આરોગ્ય તેમજ આયુર્વેદિક વિભાગના સહયોગથી ગોધરામાં નિઃશુલ્ક આરોગ્ય શિબિર યોજાઈ જેમાં ૫૧૫ દર્દીઓ એ લાભ લીધો હતો.

● મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને એપ્રોપિએટ ઓથારેટીના અધ્યક્ષ સ્થાને મળેલી પી.એન.ડીટી બેઠકમાં દીકરીનો જન્મ ઓ છો છે તેવા ગામોમાં બેદીકરી વાળા માવતરના સન્માન સાથે દીકરીના મહત્વ અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજવા તાલુકા હેલ્થ ઓફિસરને જણાવાયું હતું.

● વરસાદના અભાવે દુષ્કાળની પરિસ્થિતિનો સામનો કરી રહેલાં કચ્છમાં અછત સામે લડવાની કામગીરી વેગથી આગળ વધી રહી છે. કેટલ કેમ્પ સંચાલકો નિયમાનુસાર કામગીરી સિવાય તંત્ર દ્વારા કેટલકેમ્પ ખોલવામાં કોઈ અડચણ અનુભવતા નથી. કડક નિયમ પાલન હોવા છતાં કચ્છમાં આજે કેમ્પ ઢોરવાડાની ઐતિહાસિક આંક સપાટી હાંસલ કરી છે. જેમાં ૨,૦૬૮૭૯ પશુઓનાં નિભાવ સંભાળ થઈ રહી છે. અત્યાર સુધી પાંજરાપોળોને ૩૨ કરોડ અને ઢોરવાડાને ૨.૫૩ કરોડ સબસિડી ચૂકવાઈ છે. ભૂજ તાલુકામાં સૌથી વધુ ૧૪૫ કેટલ કેમ્પ, લખપતમાં ૬૧, અબડાસામાં ૪૯, નખત્રાણામાં ૩૬, અંજાર તાલુકામાં ૨૮, મુંદરા-માંડવી પ્રત્યેકમાં ૧૧-૧૧ અને ભચાઉમાં ૪ કેટલ કેમ્પનો સમાવેશ.

# તિરૂપુરમાં મહાવીર જન્મ કલ્યાણ દિવસ નિમિત્તે પ્રસાદ વિતરણ



બુધવાર, તા. ૧૭ એપ્રિલના શ્રી મહાવીર જન્મ કલ્યાણક દિવસ નિમિત્તે તિરૂપુરના જૈન સૌશિયલ ગ્રુપના સભ્યો દ્વારા રેલ્વે સ્ટેશન, જૂના બસ સ્ટેન્ડ, નવાબસ સ્ટેન્ડ અને એશ્વરન કોવિલ સ્ટ્રીટ જેવા તિરૂપુરના ૪ વિવિધ વિસ્તારોમાં જાહેર જનતા માટે પ્રસાદ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ૧૦૦ કિલો મિષ્ટાન (શીરા)નું વિતરણ કરવામાં આવ્યું હતું.

# તિરૂપુરમાં મહાવીર જન્મ કલ્યાણ દિવસની ભવ્ય ઉજવણી



બુધવાર, તા. ૧૭ એપ્રિલના તિરૂપુર (તામિલનાડુ) સ્થિત સુવિધિનાથ જૈન દેરાસરમાં શ્રી મહાવીર જન્મ કલ્યાણક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અતિશય ઉત્સાહપૂર્ણ રીતે ઉજવાયેલા આ કાર્યક્રમમાં સવારના ૭.૧૫ વાગ્યે ભક્તામર, ૯.૩૦ વાગ્યાથી સ્નાત્ર પૂજા, ૧૧.૧૫ વાગ્યે ભવ્ય શોભાયાત્રા અને બપોરે ૧૨.૧૫ વાગ્યે સ્વામી વાત્સલ્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

શોભાયાત્રામાં ભગવાનશ્રી મહાવીર છબી ધારણ કરવાનો લાભ શાંતિલાલ ગુલેચા પરિવારે લીધો હતો. સ્વામીવાત્સલ્યનું આયોજન સધાર્મિક ભાઈઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળકો અને મહિલાઓ સહિત વિશાળ સંખ્યામાં ભાવિકોએ ભાગ લીધો હતો.

# શત્રુંજય તીર્થ ૯૯ યાત્રા માટે મુંબઈથી પ્રયાણ




તા. ૧૨ એપ્રિલ ૨૦૧૯ શુક્રવાર રોજે શત્રુંજય તીર્થની ૯૯ યાત્રા માટે બાળકો અને યુવાનોનો સંઘ મુંબઈથી પ્રયાણ કરેલ. સૌનો ઉત્સાહ દર્શનીય હતો.

# શ્રી ક.દ.ઓ જીવીસી જૈન સંઘ ઘાટકોપર દ્વારા ત્રિહાનીકા મહોત્સવનું આયોજન

શ્રી કચ્છી દશા ઓશવાલ જી.વી.સી. જૈન સંઘ ઘાટકોપરની ૧૪મી સાલગિરિ પ્રસંગે તપચક્ર ચક્રવર્તી, વર્ષીતપ આરાધક, અચલગચ્છા ધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.ના શુભાશીષ અને શાસન પ્રભાવક અખંડ ૧૭મા વર્ષી તપના તપસ્વી, રત્ન સૂરિમંત્ર પં પ્રસ્થાન સમારાધક પ.પૂ.આ. ભ.શ્રી કવીન્દ્રસાગર સૂરિશ્વિર મ.સા. આદીઠાણા તથા પ.પૂ. ચારૂલતાશ્રીજી મ.સા.ના પ્ર શિષ્યા પ.પૂ.સિધિવર્ષાશ્રી જી મ.સા.ઠાણા-૨ની શુભનિશ્રામાં તા. ૧ મે ૨૦૧૯ બુધવારથી તા. ૩ મે ૨૦૧૯ શુક્રવારના ત્રિહાનીકા મહોત્સવનું ભાય આયોજન કરાયું છે.

ઉજવણી કાર્યક્રમ સૂચિમાં પ્રથમ દિવસે તા.૧લીમે ૨૦૧૯ બુધવાર રોજે ૨૭ વર્ષ પછી ઘાટકોપર અનંતનાથજી દેરાસરમાં પ્રથમવાર સંગીતમય મૂળનાયક શ્રી અનંતનાથ ભગવાનનું સ્નાત્ર સવારના ૮.૩૦ કલાકે ભણાવશો. શ્રી સંઘની ૧૪મી સાલગિરિ નિમિત્તે જી.વી.સી. સાઈનીંગ સ્ટાર પાઠશાળાનું ઉદ્‌ઘાટન સવારનાં ૧૧.૩૪ કલાકે, સાજે આરતીથાળ  હરિફાઈ થશે આમાં ભાગલેનાર આરતી સર્વે બપોરના ૪ કલાકથી ૬ કલાકે અનંતછાયા રૂમનં. ૧૦૫માં રાખવા. રાતના ૮.૩૦ કલાકે શ્રી અનંતનાથ દાદાની ભક્તિભાવનાની રમઝટ શ્રી અનંત મિત્રમંડળ ભાડુંપ દ્વારા પખવાજથી ભગવાનની ભાવના રમઝટ જમાવાશે.

દ્વિતિય દિવસે તા. ૨જી મે ૨૦૧૯ ગુરૂવારના સવારના ૬.૩૦ કલાકે શ્રી અનંત ભગવાનના જન્મ કલ્યાણક નિમિત્તે પ્રથમ વખત શ્રી અનંતનાથ ભગવાનના શક્રસ્તવ અભિષેક થશે. ધાર્મિક રંગોળી હરિફાઈ (૨૨) ભાગલેનાર સ્પર્ધક સર્વે બપોરના ૨ કલાકે અનંતછાયા રૂમનં ૧૦૫માં આવી જવાનું. રાતના ૯ કલાકે પ્રભુજીની ભક્તિમય ભાવના સુરેશભાઈ સોની દ્વારા ભણાવશે.

તૃતીય દિવસ તા. ૩જી મે ૨૦૧૯ શુક્રવાર સવારના ૭ કલાકે શ્રી અનંતનાથ ભગવાનના દીક્ષા અને કેવલજ્ઞાન કલ્યાણક નિમિત્તે પુષ્પવૃષ્ટિ સવારના ૧૦ કલાકે પ.પૂ. અર્હમયશાજી મ.સા.ની બીજી દીક્ષા નિમિત્તે સમૂહ સામયિક સહ આરાધના બપોરના ૨ કલાકે ગહુલી હરિફાઈ યોજાશે. જેમાં ભાગલેનાર સર્વે રૂમનં. ૧૦૫માં આવી જવું. રાતના ૯ કલાકે પ્રભુજીની ભાવના શ્રી સંઘના કાર્યકર્તાઓ દ્વારા ભણાવવામાં આવશે. રાતના ૯ કલાકે પ્રભુજીની ભાવના શ્રી સંઘના કાર્યકર્તાઓ દ્વારા ભણાવવામાં આવશે. મહોત્સવ દરમ્યાન દરરોજ વિવિધ ફૂલો દ્વારા પ્રભુજીની આંગી રચવામાં આવશે જેનો સર્વેએ દર્શન લાભ લેવો.

શ્રી સંઘ દ્વારા ત્રણેય દિવસ વિવિધ હરિફાઈઓનું આયોજન કરેલ છે. જેમાં સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના નામ તા. ૨૭ એપ્રિલ સુધી રાજનભાઈ લોડાયા મોનં. ૯૩૨૩૦૩૦૧૪૯ તથા લતાબેન કુરવા મોનં. ૯૩૨૪૦૨૮૯૩૨ પાસે લખાવવા.

હરિફાઈ વિજેતાઓને પ્રથમ ઈનામ સોનાની ગિની, દ્વિતિય ઈનામ ચાંદીની ગિની તથી તૃતીય વિજેતાને ચાંદીની ગિની પ્રદાન કરાશે. સકલ સંઘને આ સર્વે ઉજવણી કાર્યક્રમોમાં ભાવપૂર્વક પધારવાનું જૈન સંઘ પ્રમુખ સમીરભાઈ લક્ષ્મીચંદ નાગડા દ્વારા અપાયું છે.

# તિરૂપુરના જિનાલયમાં વોટરકૂલરની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ

તિરૂપુર શ્રી રાજેન્દ્રસુરિજી જીનાલયમાં શ્રી રાજસ્થાન મૂર્તિપૂજક સંઘના પદાધિકારીઓ દ્વારા તા. ૧૭મી એપ્રિલ બુધવારના શ્રી મહાવીર જન્મ કલ્યાણક દિવસ નિમિત્તે જાહેર જનતા માટે એક વોટર કૂલરની સુવિધા ઉપલ્બધ કરવામાં આવી છે.



# શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ, વરાડીયા











શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ, વરાડીયા સંચાલિત વરાડીયા મા ડાઘા કુલદેવી શ્રી મોમઈ માના મંદિરે માતાજીના જૂના જીર્ણ થયેલ લાકડાના પાલક ને બદલે નૂતન સંગેમરમરના પાલકમાં શ્રી મોમઈ માતાજી સહિત સર્વે દેવી-દેવનુ વિધિવત સ્થાપના, ધ્વજારોહણ તથા માતાજીના બાલકા (ભુવા) શ્રી આણંદજી ભાણજી ડાઘા ની બાના (ગંધી) બદલી તેમજ મંડળ શ્રી ભલારા દાદા નો પાઠ તેમ જ તેમના મંદિરે ધ્વજારોહણ ના સંવત ૨૦૭૫ ને ચૈત્ર સુદ ચોથ-પાંચમ ના ઉત્સવમાં પધારેલ ડાઘા પરીવારના ભાઇ બહેનોમા આણંદજી ભાણી, મા. મધુબેન મહેન્દ્ર, સૌ. મધુબેન લહેરચંદ, ભરત કુંવરજીજ, સૌ. ભારતીબેન ભર, દીપક ગંગાજર, સૌ. આશા દીપક, નીતીન પદમશી, સૌ. લતાબેન નીતીન, હિતેશ ઠાકરશી, રાયચંદ શામજી, નરેશ શામજી, રાજ શાંતીલાલ. તથા સ્થાનિકે મા. સરલાબેન ઠાકરશી, હેમલતા શાંતિલાલ, ખિરેશ શામજી, સૌ. સુનીતા ખિરેશ, હાર્દીક ખિરેશ, તથા ભલારાના ભુવા શ્રી શામજી મણશી દંડ અને શરદ ભવાનજી લોડાયા નો સમાવેશ થાય છે.

ચૈત્ર સુદ ચોથના પાલક બદલીની વિધિ કોઠારાના અંકીત મહારાજે સુંદર રીતે કરી હતી. સાંજે ભલારા દાદા ના પાઠના લાભાર્થી લહેરચંદ રતનશી ડાઘા હતા. પાઠ ભુવા શ્રી શામજીભાઈએ વિધિવત માંડેલ તથા પાઠના શ્લોકના ઉચ્ચારણ દીપક ભાઈએ કરેલ.ચૈત્ર સુદ પાંચમ ના સવારે મોમઈ માતાજીની આરતી બાદ ભુવા શ્રી આણંદજી ભાઈએ બાનો બદલાવેલ. ત્યાર બાદ શ્રી ભલારા દાદાના મંદિરે, શ્રી મોમઈ માતાજી મંદિરે તથા ગામની બહાર આવેલ શ્રી ડાઘા સતી મા મંદિરે ધ્વજારોહણ થયેલ.

સમૂહ પહેડીના મુખ્ય લાભાર્થી લહેરચંદભાઈ રતનશી ડાઘા હતા. પહેડીના પ્રસાદનો લાભ લેવા વરાડીયા ના ડાઘા ઉપરાંત અન્ય સાધર્મિકોને પણ આમંત્રણ અપાયેલ.

ઉત્સવની પુર્વ તૈયારી તેમ જ ઉત્સવ દરમ્યાન શ્રી હિતેશ ઠાકરશી નો યોગદાન ઉલ્લેખનીય હતો.

આ વરસે એપ્રિલ ૨૦૧૯ થી માર્ચ ૨૦૨૦ સુધી વરાડીયા મા મંડળ સંચાલિત શ્રી ભલારા દાદા દેવસ્થાનમા દીવો- ધૂપના સૌજન્ય દાતા મા. નેણબાઇ મણશી કાનજી દંડ પરીવાર છે. તેમની ભૂરી ભૂરી અનુમોદના.

પુ. માતાજીના રીપેર રીનોવેશન ફંડમાં ફાળો આપનાર સર્વે ડાઘા પરીવાર જનોની અનુમોદના. જેમણે હજુ સુધી ફાળો નથી લખાવ્યો તેમને ફાળો લખાવવા વિનંતી છે.

**– નીતિન પદમશી ડાઘા, પ્રમુખ, (શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ, વરાડીયા)**

# પ્રગતિ હૉસ્પિટલ મુલુંડના ટ્રસ્ટીપદે જયંત છેડાની પુનઃ નિમણુક



મુલુંડની સૌથી જૂની અને જાણીતી પ્રગતિ હૉસ્પિટલના ટ્રસ્ટ મંડળની ત્રણ વર્ષની નવી ટર્મ માટે ટ્રસ્ટીઓની વરણી કરાઈ જેમાં મૂળ નલિયાના હાલે મુલુંડમાં રહેતા ગુર્જરમાતના તંત્રી અને સમસ્ત કચ્છી દશા ઓસવાલ મહાજનના ટ્રસ્ટી અને મિડિયા કમિટીના કન્વીનર શ્રી જયંત વિશનજી છેડાની ટ્રસ્ટી પદે પુનઃનિમણુક કરાઈ છે. તેઓ છેલ્લા ચાર દાયકાથી આ હૉસ્પિટલના ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યાં છે.

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન સાંધાણ તથા શ્રી શાંતિનાથજી દાદા દેરાસર ટ્રસ્ટની વાર્ષિક સર્વ સાધારણ સભા યોજાઈ







તા ૭ એપ્રિલ ૨૦૧૯ રવિવારના સવારે ૧૦ કલાકે મુલુંડમાં ભાગીરથી બેન્કવેટ હોલ, ડો.આર.પી.રોડ સ્થળે વાર્ષિક સામાન્ય સભા, સરસ્વતી સન્માન અને સ્નેહમિલનના ત્રિવેણી યોજનથી યોજાઈ. મહાજન તથા દેરાસરજીના સાધારણ ફંડના હિસાબ કિતાબ, ગત મીટીંગની મિનિટ્સનું વાંચન, ઓડિટ હિસાબોની રજૂઆત આગામી કાર્યક્રમોની ચર્ચા વિચારણા સાથે આયોજન રજૂઆત સમજ અપાઈ. કાયમી ઉનભાવ ફંડ માટે અનુદાન માટેના નકરા આગામી ૧૬૬મી વર્ષગાંઠ ઉજવણીમાં વિવિધ પ્રસંગોના ચડાવા થયા.

સાંધણ યુથફ્રન્ટ દ્વારા ગામના પરિવારોના સંતાનોના સરસ્વતી સન્માન સહસત્કાર કરી ગૌરવ કરાયું.

સાંધાણ મહાજનવા આ મંગલ મેડાવામાં ગામ પરિવારના ભાઈ બહેનો બાળકો અને ગામ પરિવારની નિયાણીઓ ઉત્સાહભેર હાજર રહી હતી. કાર્યક્રમમાં પૂ.સાધવીજી ભગવંત સંયમગુણાશ્રીજી મ.સા.પધારેલ અને ઉપસ્થિત સૌના વંદન સ્વીકારી આર્શિવાદ અપાયા.

# શ્રી વિરાર અચલગચ્છ જૈન સંઘની કન્યા શિબિર

સમર વેકેશનમાં ધર્મજ્ઞાન સાથે જીવનકલ્યાણ માર્ગ બતાવતી શિબિર શ્રી વિરાર અચલગચ્છ જૈન સંઘ દ્વારા તા. ૭ મે ૨૦૧૯ મંગળવારથી તા. ૧૧-૫-૨૦૧૯ શનિવાર સુધી પાંચદિવસની કન્યા શિબિરનું આયોજન કરાયું છે.

તો થઈ જાઓ સૌ સાવધાન જ્ઞાન. જ્યોત ને પ્રગટાવવા અને શિબિરમાં પધારવા સહર્ષ આમંત્રણ છે. જેમાટે નામની નોંધણી તેજસ સાવલા મો.નં. ૮૮૦૬૪૬૪૬૬૬ની પાસે કરાવવી.

# શ્રી ક.દ.ઓ જૈન કચ્છ એકમ દ્વારા ગાંધીધામ મધે

# વિદ્યાર્થી ઉપયોગી કારકિર્દી માર્ગદર્શન શિબિર યોજાઈ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એકમ દ્વારા ગાંધીધામ મધે તા. ૨૦ એપ્રિલ ૨૦૧૯ શનિવારના ધોરણ ૯, ૧૦ અને ૧૧ તથા ૧૨ ધોરણના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક એપ્ટીટ્યુટ ટેસ્ટ તેમજ કેરિયર કાઉન્સલીંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સમસ્ત મહાજનની શિક્ષણ સમિતિની પ્રેરણા અને માર્ગદર્શનથી યોજવામાં આવેલ આ દ્વિદિવસીય શિબિરને લીધે સમગ્ર કચ્છમાં વસતા આપણી જ્ઞાતિના દ્વારા વિદ્યાર્થીઓને પોતાની ભાવી યોગ્ય કારકિર્દી પસંદ કરવામાં મદદ રૂપ થશે. એવો વિશ્વાસ આયોજકોને છે. આ શિબિરનો બીજો તબક્કો તા. ૨૧ એપ્રિલ રવિવારના આયોજીત કરાયેલ છે.







# શ્રી ગુણોદય સિધ્ધાચલ ૯૯ યાત્રામાં બાલ યાત્રિકોની ભવ્ય યાત્રા







પાલીતાણા તીર્થે શ્રી ગુણોદય સિધ્ધાચલ ૯૯ યાત્રામાં બાલ યાત્રિકો ૧) જેનિલ રાજુ ગંગર બિદડા-માટુંગા ૬ યાત્રા ૨) નીલય ધર્મેશ ગડા-વિંઝાણ-માટુંગા-૬ યાત્રા ૩) કુશલ અમિત છેડા દેશલપર કંઠી - ૫ યાત્રા, ૪) રાજ શિલ્પેશ વોરા નવાવાસ-વિરાર ૫ યાત્રા ૫) નિલય હિરેન ગડા વિંઝાણ-અમદાવાદ ૪ યાત્રા. આ બધા બાલ યાત્રિકો સતાપૂર્વક યાત્રા આરાધના કરી રહ્યાં છે. ગુરૂદેવના આશીર્વાદ લઈ બાળકો ખુશ-ખુશાલ થઈ રહ્યાં છે.

# સિધ્ધાચલ ૯૯ યાત્રામાં ચૈત્રી પૂનમ આરાધના કરાઈ




શ્રી ગુણ ગુણોદય સિધ્ધાચલ ૯૯ યાત્રા પાલીતાણામાં તા. ૧૯ એપ્રિલ ૨૦૧૯ શુક્રવાર ચૈત્રી પૂનમ નિમિત્તે ૯૯ના યાત્રિક બાળકો, વાલીઓ અને સંઘપતિ પરિવારો, વિદ્યાપીઠના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ આધ્યાત્મયોગી ગુરૂદેવ ઉદયરત્નસાગરજી મ.સા. આદિથાણા સહિત સાધુ સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં તેમજ ચર્તુવિધ સંઘની ઉત્સાહભેર હાજરી આરાધના કરી ૧૦૮ ખમાસનાં આપેલ.

# શ્રી ક.દ.ઓ. જૈન મહાજન હુબલીના નવા પદાધિકારીઓ

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન હુબલીની નવી ટર્મ તા. ૧-૪-૨૦૧૯ થી ૩૧-૦૩-૨૦૨૨ માટે નવા પદાધિકારીઓ વરાયા જેમા પ્રમુખશ્રી ભરત બી ખીમજી, વહીવટદાર ભરત ખીમજી મોમાયા, સહ વહીવટદાર કમલેષ ખેતશી ખોના, ખજાનચી હીરેન કુંવરજી છેડા, સહખજાનચી શાંતિલાલ રામજી લાલકા, ટ્રસ્ટીઓ તિલકચંદ કરમશી વિકમશી. ટ્રસ્ટીઓ યશપાલ ત્રીકમજી છેડા, ટ્રસ્ટીઓ પ્રજેષભાઈ વીરચંદ પટેલ મહાજનશ્રીના નવા ચુંટાયેલા પ્રતિનિધીઓ તરીકે વરાયા હતા.

શાંતિલાલ રામજી લાલકા - હુબલી (સહખજાનશી)

# ૯૯ યાત્રામાં તીર્થંકર ભગવાન મહાવીર જન્મ કલ્યાણક ઉજવાયું




આધ્યાત્મ યોગી ગુરૂદેવ ઉદય રત્નસાગરજી મ.સા.આદિઠાણા સહિત સાધુ સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રા તથા શ્રાવક શ્રાવિકાઓ યુવા અને બાલ ૯૯ યાત્રિકો સંઘપતિ પરિવારની ભવ્ય ઉપસ્થિતિમાં પાલીતાણા તીર્થ ખાતે ૯૯ યાત્રામાં ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની રંગારંગ ઉજવણી કરાઈ. સૌ ઉત્સાહિત થઈ સહભાગ લઈ આનંદ પ્રસંગ માણ્યો હતો.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# ભૂમિરાજ હિલ્સ નવી મુંબઈમાં ભૂમિરાજ ભૂપેન્દ્ર કસ્તુરી ચેરિટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવની ભવ્યાતિ ભવ્ય ઉજવણી કરાઈ



ભૂમિરાજ હિલ્સ, સીબીડી બેલાપુર, નવી મુંબઈમાં ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી ભૂમિરાજ ભૂપેન્દ્ર કસ્તુરી ચેરિટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા તા.૧૭ એપ્રિલ ૨૦૧૯ બુધવાર સાંજે ૭ કલાકેથી કરાઈ. આ ઉજવણીમાં ઉપસ્થિત રહેલ સકલ સંઘના સર્વે ભાઈ બહેનોએ ક્ષત્રિયકુંડમાં અવતરેલ શાસન ચરમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાનને મનના ચક્ષુઓ દ્વારા નિહાળ્યાં. ભવ્યપૂર્ણ રીતે અંગરચના, ઝાકઝમાળ લાઈટીંગ, અનોખી રંગોળીનું દર્શન અને અદ્ભૂત મહાઆરતીના અનોખા સંયોગમાં સુરીલી ભાવના આર વોઈસ ઈવેન્ટસના નીતા ગાલા અને સાથી કલાકારોએ ભણાવી અદ્ભૂત માહોલ જમાવ્યો હતો. મુંબઈ, નવી મુંબઈના વિવિધ સંઘો, ટ્રસ્ટ, મંડળો આયોજનમાં સહયોગી બન્યા હતા. ભાવિકો માટે ચોવિહારની વ્યવસ્થા રખાઈ હતી. આનંદ, ઉત્સાહ અને ઉમંગ સહિત ભક્તિ ભાવનો અનોખો પ્રસંગ આ ઉત્સવ ઉજવણીમાં રચાયો હતો. જે સૌને માટે અવિસ્મરણીય રહ્યો હતો. ભૂમિરાજ ભૂપેન્દ્ર કસ્તુરી ચેરિટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટ તથા માતુશ્રી કસ્તુરબેન મૂલજી દંડ પરિવારએ સૌને હર્ષભેર આવકાર આપ્યો હતો.

## જીવન ઘટમાળ

### • જ્ઞાતિ સગપણ •

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૪-૨૦૧૯ | કોચીન | અંકિત લલિત રતનશી મોતા | નલિયા | ૨૮ |
| | ડોંબિવલી | નિધિ રમેશ ખેતશી શિયાલ | જખૌ | ૨૬ |

### • આંતરજ્ઞાતિ સગપણ •

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૦૪-૨૦૧૯ | વડાલા | યશ મુકેશ કુંવરજી ધરમશી | સુથરી | ૨૯ |
| | દાદર | કુંજન રાજેશભાઈ શાંતિલાલ | જાફરાબાદ | ૨૫ |
| ૧૧-૦૪-૨૦૧૯ | ડોંબિવલી | ચિરાગ મહેન્દ્ર રૂપશી ધરમશી | રંગપુર | ૩૧ |
| | શહાડ | રીતિકા સુખલાલ બાવસકર | પાચોરી | ૨૭ |

### • મરણ •

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૪-૨૦૧૯ | ચાલીસગામ | પુર્ણિમા મધુકાંત લોડાયા | વારાપધર | ૫૩ |
| ૦૯-૦૪-૨૦૧૯ | ડોંબિવલી | લક્ષ્મીચંદ મણિલાલ મોતા | રાપર | ૫૪ |
| ૦૯-૦૪-૨૦૧૯ | અમદાવાદ | ધનલક્ષ્મી વીરચંદ નાગડા | બાયઠ | ૭૯ |
| ૧૧-૦૪-૨૦૧૯ | નાસિક | રતનબાઈ દેવશી મૈશેરી | સીંધોડી | ૭૯ |
| ૧૨-૦૪-૨૦૧૯ | વાણી | તારાબાઈ નારાણજી મોમાયા | સાંયરા | ૮૪ |
| ૧૩-૦૪-૨૦૧૯ | અમદાવાદ | રમાબાઈ ખીમજી દંડ | મંજલ | ૮૧ |
| ૧૩-૦૪-૨૦૧૯ | ડોંબિવલી (પ.) | મેઘજી વિસનજી લોડાયા | આરીખાણા | ૭૯ |
| ૧૩-૦૪-૨૦૧૯ | ઘાટકોપર (પૂ.) | કરમશી જેઠાલાલ લોડાયા | સુથરી | ૮૪ |
| ૧૩-૦૪-૨૦૧૯ | વિક્રોલી (પૂ.) | લખબાઈ મુલચંદ ખોના | ગોરખડી | ૮૬ |
| ૧૫-૦૪-૨૦૧૯ | સેંધવા | રાજશ્રી જયેશ નાગડા | જખૌ | ૫૩ |



बहेना प्रस्तुत मिट्टी का
कुंडा
१२०+ से ज्यादा सेंटर पर उपलब्ध
₹ 100/-
एक बिना मूल्य और दुसरा लोगे तो शुल्क ₹ 50/-
₹ 100/-
अपना पसंदीदा भोजन /जल आहार लेने से पहले जरा सोचें की क्या आपने पशु - पक्षियों के लिए पानी के बर्तन भर दिए हैं?
बहेना
7977 22 9099
फिल्म स्टार
अंजू महेंद्रू
अधिक जानकारी के लिए कृपया वॉट्सअप करें
9322213877 पर BAHENA KUNDA
टाईप करने के बाद WhatsApp करें
जीवदया
संस्था को दिया गया दान 80G के अनुसार कर मुक्त है।
ई-भुगतान, चेक या नगद द्वारा दान किया जा सकता है।

# NOW SAVE UPTO 99%#
# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

## (ZERO DEP COVER ALSO AVAILABLE)



# VALID TILL 31/03/2019

* T&C APPLY

insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# karani

insurancekhoj@gmail.com ◆ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO